# દાહોદની સરકારી પોલિટેકનિક ખાતે માર્ગ સલામતી અંગે સેમીનાર યોજાયો




દાહોદ. દાહોદની સરકારી પોલિટેકનિક ખાતે તા: ૨ ફેબ્રુઆરી ના રોજ જીલ્લા ટ્રાફિક પોલીસ દાહોદ દ્વારા માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી જે અંતર્ગત જીલ્લા પોલીસ અધિક્ષકનાં અધ્યક્ષ સ્થાન હેઠળ માર્ગ સલામતી અંગે સેમીનાર યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં મહેમાનોનુ પુસ્પગુછથી સ્વાગત કરવામાં આવ્યુ હતું.

પ્રાસંગિક ઉદબોધનમાં સરકારી પોલિટેકનિક દાહોદના આચાર્ય મનીષ ચારેલ દ્વારા તેમના જીવનમાં બનેલ ઘટના અંગે માહિતી આપીને જણાવ્યું કે હેલ્મેટ પહેરવાથી કેવી રીતે એમનુ જીવનનો બચાવ થયો હતો. ત્યાર બાદ વિડીયો દ્વારા વિદ્યાર્થીઓને માર્ગ સલામતી અંગે માહિતી આપવામાં આવી હતી. જીલ્લા પોલીસ અધિક્ષક દ્વારા જીવનનું મહત્વ સમજાવવામાં આવ્યું અને સાથે સાથે હેલ્મેટ અને સીટ બેલ્ટ પહેરવાથી શું ફાયદા થાય છે અને જીવનનો કેવી રીતે બચાવ કરી શકાયએ અંગે સચોટ માહિતી આપી અને જણાવ્યું કે ટ્રાફિક નિયમોનું પાલન કરવાથી માર્ગ સલામતીમાં વધારો કરી શકાય સાથે સાથે જણાવ્યું કે આપણી સુરક્ષા આપણા હાથોમાં જ છે.

આ કાર્યક્રમમાં આસરે ૩૦૦ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. કાર્યક્રમનુ સંચાલન ઈલેક્ટ્રીકલ વિભાગના હેડ અશ્વિન મહેશ્વરી દ્વારા કરવામાં આવ્યું અને આભાર વિધિ PSI ભારત પટેલ દ્વારા કરવામાં આવી.